| | | |
|---|---|---|
| GJGS060002112023 | કેસ મળ્યા તા. | ૨૭/૦૧/૨૦૨૩ |
| | રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૭/૦૧/૨૦૨૩ |
| | અરજીના નિર્ણયની તા. | ૦૭/૦૮/૨૦૨૫ |
| | સમયગાળો : | વર્ષ–૦૨, માસ–૦૬, દિવસ–૧૧ |

**કોડીનારના એડી.ચીફ.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, કોડીનાર,**
**(જી.ગીર સોમનાથ).**

**ફોજદારી કેસ નં. ૧૭૭/૨૦૨૩**
**આંક :**

શ્રી સ ર કા ર
કોડીનાર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૩૩૩/૨૦૨૧,
મુળ ફરિયાદી : કાળીબેન વા/ઓ ભીખાભાઈ પુંજાભાઈ પરમાર,
રહે. કોડીનાર સ્યુગર ફેકટરી પાસે વડનગર રોડ,
તા. કોડીનાર, જિ.ગીર સોમનાથ. **...ફરીયાદી**

**: વિરૂધ્ધ :**

લાખાભાઇ માવજીભાઇ મંદુરીયા,
રહે.કોડીનાર, દક્ષીણામૂર્તી ઝુપડપટ્ટી વિસ્તાર,
તા. કોડીનાર, જિ. ગીર સોમનાથ. **... આરોપી**

ચાર્જ : ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ.

---

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.બી.મલેક,
**આરોપી** તર્ફે વિધ્વાન વકિલ શ્રી એમ.ડી.ગોહીલ,

---

## –:: ચુ કા દો ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તમો આરોપીએ ગઇ તા.૧૭/૦૯/૨૦૨૧ ના ક.૧૧/૦૦ વાગ્યાના અરસામાં કોડીનાર દક્ષિણામુર્તિ ઝુપડપટ્ટી વિસ્તારમાં આ કામના ફરીયાદીના ભાઇ રણજીતને તથા આરોપીને જુનુ મનદુખ ચાલતુ હોય જેના કારણે ફરી.ને ગાળો આપી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી, તમો આરોપીએ ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ કરેલ હોવા સંદર્ભે ફરિયાદીની ફરીયાદ આધારે હાલના આરોપી વિરુધ્ધ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં. ॥ ૧૩૩૩/૨૦૨૧ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર પોલીસ અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની

કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ ફોજદારી કેસ નં.૧૭૭/૨૦૨૩ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના **આરોપી**ને ધોરણસરના પ્રોસેસ ઈસ્યુ કરતા **આરોપી** હાજર થયેલ છે, જેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. તેઓએ **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવી **આંક–૫** થી પ્લી નોંધવામાં આવેલ ત્યારબાદ **આરોપી**એ પોતાની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે :

**મૌખિક પુરાવા :–**

| આંક | વિગત |
|---|---|
| ૧૩ | ફરિયાદી કાળીબેન ભીખાભાઈ પરમારની જુબાની |
| ૧૭ | સાહેદ રેણુકાબેન રણજીતભાઈ મંદુરીયાની જુબાની |
| ૧૮ | સાહેદ મનીષાબેન સંજયભાઈ મંદુરીયાની જુબાની |

**દસ્તાવેજી પુરાવા :–**

| આંક | વિગત |
|---|---|
| ૧૪ | ફરિયાદ |

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નિવેદન નોંધેલ નથી જેથી ફરિયાદ પક્ષ તથા બચાવ પક્ષના વિ.વકિલ શ્રી ની મૌખિક દલિલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કામે આખરી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

**–:: મુદ્દા ::–**

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તમો આરોપીએ ગઇ તા.૧૭/૦૯/૨૦૨૧ ના ક.૧૧/૦૦ વાગ્યાના અરસામાં કોડીનાર દક્ષિણામુર્તિ ઝુપડપટ્ટી વિસ્તારમાં આ કામના ફરીયાદીના ભાઈ રણજીતને તથા આરોપીને જુનુ મનદુખ ચાલતુ હોય જેના કારણે ફરી.ને ગાળો આપી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૬) મુદ્દા અંગેના નિર્ણય ::–

મુદ્દા નં. ૧ નો જવાબ : નકારમાં

મુદ્દા નં. ૨ નો જવાબ : આખરી હુકમ મુજબ.

**મુદ્દાઓના નિર્ણય માટેના કારણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૭) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, ફરિયાદી કાળીબેન ભીખાભાઈ પરમારને **આંક–૧૩** થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ તણ વર્ષ પહેલા બનેલો. બનાવ ના દિવસે સવારના આઠ નવ વાગ્યે હુ તથા રણજીત અને રણુબેન અમે ત્રણેય જણા દક્ષિણામુર્તિ સોસાયટીની પાછળ દેવળી વાળાની વાડીએ ઘાસ વાઢવા ગયેલ હતા અને અમો ઘાસ લઈ આવતા હતા તે વખતે મારો મોટો દિકરો ભાવેશ મો.સા. લઈ ઘાસની પોટલી લઈ આગળ નીકળેલો અને હુ તથા રણુબેન ચાલતા ચાલતા ઘરે જતા હતા તે વખતે રસ્તામાં લાખા માવજી ઉભેલો હતો અને હુ જતી હતી ત્યારે મારુ બાવડુ પકડી મને ખેચી તેના ઘરે લઈ ગયેલો અને મને કહેલ કે તારે શુ કામ અહી આવવુ જોઈએ તેમ કહી મને કહેલ કે તારા ટાટીયા ભાંગી નાખીશ અને તને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપેલ અને મને અમારા સગાવ્હાલા ભરતભાઈના ઘરે દિકરી દિધેલ હોય તેના ઘરે પણ સંબધ નહી રાખવા કહેલુ અને મને ગાળો બોલી માર મારવા લાગેલ અને પછી મને બાવડુ પકડી ઢસડી તેના ભાઈ પદુના ઘરે લઈ ગયેલ ત્યા પણ મને મનફાવે તેમ ગાળો બોલવા લાગેલો અને મને કુહાડી લઈ મારવા દોડેલો અને તે વખતે રસ્તા જતા માણસોએ મને બચાવેલ ત્યારબાદ બનાવ બાબતની મે ફરીયાદ આપેલી ફરીયાદ જોઈને જણાવુ છુ કે તેમા મારો અંગુઠો છે જે હુ ઓળખુ છુ જે રજુ દા.આંક.૧૪.આરોપીને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમા હાજર છે તે જ છે.આ બનાવનુ કારણ અમારે સગાસંબધીમા મનદુ:ખ ચાલતુ હોય અને અમે અમારા સગાસંબંધીના ઘરે જતા હોય તેની અદાવત રાખી આ બનાવ બનેલ છે."

આરોપી તરફે ફરીયાદી ઉલટતપાસમાં જણાવે છે કે, હુ અત્યારે મારા ઘરે કોડીનાર મુકામેથી આવુ છુ. આરોપી લાખાભાઈ અને હુ સગા કાકા–બાપાના પિતરાઈ ભાઈ બહેન થાય છે. બનાવ બાદ અમો કોડીનાર શહેરમાં કે કૌટુંબીક કામ બાબતે જઈ આવી શકીએ છીએ અને કોઈપણ ડર વગર બજારમાં પણ નીકળી શકીએ છીએ. એ વાત ખરી નથી કે મારુ બાવડુ પકડી મને ખેચી તેના ઘરે લઈ ગયેલો તેવુ મે મારી ફરીયાદમા લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મને કહેલ કે તારા ટાંટીયા ભાંગી નાખીશ તેવુ પણ ફરીયાદમાં લખાવેલ નથી. એ

વાત ખરી નથી કે અમારા સગા–વહાલા ભરતભાઈના ઘરે દિકરી દિધેલ હોય તેના ઘરે પણ સંબંધો નહી રાખવા કહેલુ તેવુ પણ અમારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મને બાવડુ પકડી ઘસડી તેના ભાઈ પદુના ઘરે લઈ ગયેલ ત્યા પણ મને મન ફાવે તેમ ગાળો બોલવા લાગેલો અને મને કુહાડી લઈ મારવા દોડેલો તેવુ પણ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ગાળો કયા શબ્દોમાં બોલેલા તે પણ મે ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા ઉપર કોડીનાર કોર્ટમાં ઘણા બધા દારૂના કેસ ચાલુ છે. એ વાત ખરી છે કે અમે દારૂના કેસ કબુલ પણ કરેલા છે. એ વાત ખરી નથી કે અમો દારૂ વેચતા હોય તે આરોપી પિતરાઈ ભાઈ થતો હોય તેને ગમતુ ન હોય જેથી ખોટી ફરીયાદ કરેલ છે. અમો કોડીનાર કોર્ટમાં ર–કેસમાં ફરીયાદી છીએ. એ વાત ખરી નથી કે મને કોઈ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી નથી કે હુ આ કામમાં ફરીયાદી હોય જેથી આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮) આ કામે સાહેદ રેણુકાબેન રણજીતભાઈ મંદુરીયાને **આંક–૧૭** થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, ''આજથી આશરે ત્રણ ચાર વર્ષ પહેલા બનેલો બનાવ સમયે હુ ધંધુકા મુકામે હતી. બનાવની જાણ મને કાળીબેન ભીખાભાઈનો ફોન આવેલ અને કહેલ કે લાખાભાઈ માવજીભાઈ સાથે મારે બોલવાનુ થઈ ગયેલ છે બીજુ કાઈ બનેલ નહી. પોલીસે મારી બનાવ બાબતે કોઈ પુછપરછ કરેલ નથી. આરોપીને ઓળખુ છુ જે મારા દિયર થાય છે જે આજરોજ નામ.કોર્ટમા હાજર છે તે જ છે.

તેમજ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવની મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વખતે હુ ધં ધુકા મુકામે હતી.

(૯) આ કામે સાહેદ મનીષાબેન સંજયભાઈ મંદુરીયાને **આંક–૧૮** થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, ''બનાવ આજથી આશરે બે વણ વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે હુ ઘાસ વાઢવા માટે દક્ષિણામુર્તિ ની પાછળ ખેતરમા હતા. બનાવની જાણ મને કોઈ જાતમાહિતી નથી પોલીસે મારી બનાવ બાબતે કોઈ પુછપરછ કરેલ નથી. આરોપીને ઓળખુ છુ જે મારા કાકાજી સસરા થાય છે જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે."

તેમજ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવની મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વખતે હુ ઘાસ વાઢવા માટે ગયેલી.

(૧૦) આમ આ કામે ફરિયાદપક્ષને ઘ્યાને લેવામાં આવે તો આ કામે **આરોપી** દવારા કોઈ વ્યથા પહોચાડવામાં આવેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી ત્યારે આ કામે **આરોપી**ઓ દવારા ભારતીય દંડ સંહિતાની કલમ−૩૨૩ મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નકકર હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ જતા હોય આ કામે **આરોપી**ની ઈ.પી.કો. કલમ−૩૨૩ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવવાની અરજી જણાય છે.

(૧૧) **આરોપી**ઓ સામે ભારતીય ફોજદારી ધારા સંહિતાની કલમ−૫૦૪ મુજબનુ તહોમત છે હાલના **આરોપી**ઓ દવારા તેઓને કોઈ ગાળો કે અપશબ્દ બોલેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ભારતીય દંડ સંહિતાની કલમ−૫૦૪ અન્વયે AIR 2014 S.C. PAN NO.957 FIONA SHREEKHANDE/TAKE OF MAHARASHTRA & ANOTHER ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંઘ્ધાંત મુજબ હાલના **આરોપી**ઓ દવારા તેઓને અપમાનિત કરવાના ઈરાદા સાથે અપશબ્દ બોલવામાં આવેલ હોવા બાબતે કોઈ નકકર પુરાવો આ કામે ફરિયાદી કે અન્ય સાહેદ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ  ન્વિડેલા છે તે સંજોગોમા ફરિયાદપક્ષ **આરોપી**ઓઓ વિરૂઘ્ધ  ભારતીય ફોજદારી ધારાની કલમ−૫૦૪ મુજબનું તહોમત સાબીત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ જતુ હોય નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે.

(૧૨) ફરિયાદપક્ષ **આરોપી** વિરૂઘ્ધ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું તહોમત છે જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કોડની કલમ−૫૦૬(૨) વંચાણે લેવામાં આવે તો, ''જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા ૭ વર્ષની મુદતની કેદની શિક્ષાપાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી ચારિત્ર હિંસા આડ મુકવાની હોય'' આ કામે ફરિયાદીની જુબાની વંચાણે લેતા બનાવ સમયે **આરોપી** દવારા ફરિયાદી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ કે અન્ય કોઈ પણ પ્રકારની ધમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ધમકીના કારણે ફરિયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવુ કૃત્ય કરવા બીકના કારણે ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનો સદરહુ ફરિયાદી ની કાયદેસરની ફરજ હતી તેવુ કૃત્ય **આરોપી**ની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **JIVANBHAI DEVJIBHAI BHOGAVYTA V/S MOHANBHAI**

PURSOTTAMBHAI MOKARIYA AN OTHER'S (2015) 0 S.C.(GUJARAT) 190 ના ચુકાદામાં ગુના સબબ પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ કોઈ ભયજનક પરિસ્થિતી ફરિયાદીને જણાવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી ત્યારે હાલના સં જોગોમાં ફરિયાદપક્ષ **આરોપી**ઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનુ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરિયાદી પોતાની આંક–૧૩ ની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે મારા ઉપર કોડીનાર કોર્ટમાં ઘણા બધા દારૂના કેસ ચાલુ છે અને અમે દારૂના કેસ કબુલ પણ કરેલા છે. તેમજ આંક–૧૭ અને આંક– ૧૮ ના બં ને સાહેદોની ઉલટતપાસમાં જોતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કરેલ છે કે, બનાવની અમને કોઈ જાત માહીતી નથી કે બનાવ અમોએ નજરે જોયેલ નથી. આમ, રેકર્ડ જોતા એવુ જણાઈ આવે છે કે ફરિયાદી તથા બંને સાહેદો ફરિયાદને કે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી.

**(૧૩)** આમ ઉપર કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો અને ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓનુ વિશ્લેષણ કરતા ફરીયાદ પક્ષ **આરોપી**ઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. તેમજ આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫ ઉપરના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી નથી તેવુ જણાતુ હોય, તેવા સંજોગોમા અદાલતનો કિંમતી સમય વેડફવો જોઈશે નહી. જેથી પડેલ પુરાવા આધારે **આરોપી**ઓ વિરુધ્ધના ફરીયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

**(૧)** આ કામના **આરોપી:** લાખાભાઈ માવજીભાઈ મંદુરીયા, રહે.કોડીનાર, દક્ષીણામૂર્તી ઝુપડપટ્ટી વિસ્તાર, તા. કોડીનાર, તા.કોડીનાર, જી. ગીર સોમનાથ વાળાને ક્રિ મીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –

૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરું છું.

(૨) આ કામના **આરોપી**એ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(ક) મુજબ અપીલના હેતુ માટે છ માસના સમય સુધીના રુા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આપવા.

હુકમ આજરોજ તારીખ : ૦૭, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૭/૦૮/૨૦૨૫
કોડીનાર

**(અતુલ કુમાર)**
**એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,**
**કોડીનાર**
**જીજે.૦૧૩૨૨**